જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૧/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૭૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૧૭૮૦ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૫૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૩૬ બિયર ટીન, ૦૧ બોલેરો જીપ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૧,૩૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૭૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિની અટકાયત કરી હતી.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૫૮૦/૨૦૨૫**

કૃષ્ણનગરઃ ઈલાબહેન અતુલકુમાર ભાવસાર (૩.૫.૬૧)(રહે.શુકન એપાર્ટમેન્ટ, સાંઈ ચોકની બાજુમાં, નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૧/૨૦૨૫ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે સાંઈ ચોક પાસે શુકન એપાર્ટમેન્ટના ગેટ પાસે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ એ ભેગામળી ઈલાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૫૮૧/૨૦૨૫**

શાહપુરઃ કયુમભાઈ સ/ઓ મોહમદહુસૈન ખેરાદાવાલા (રહે. હલીમાં મંજીલ ફ્લેટ ચાંદ ગલીની અંદર મિરજાપુર શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૧/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૦૮/૧૧/૨૦૨૫ ના કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૩,૬૩,૦૦૦/– મતાના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ભાટીયા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૫૮૨/૨૦૨૫**

નારોલઃ મોહંમદકલીમ સન/ઓ મોહમદનજીર શેખ રહે. પોસ્ટલ સોસાયટી મારવેલ બેકરી પાસે સરખેજ રોડ જુહાપુરા) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૧/૨૦૨૫ રાતના ૧૧/૪૫ થી તા.૦૮/૧૧/૨૦૨૫ ના કલાક ૩/૧૫ વાગ્યા દરમ્યાન નારોલ કોયલી તલાવડી જી.ઈ.બી.સબ સ્ટેશનની બહાર આવેલ ટાવર નંબર– GJ-AMBD-ENB-1767 ના ટાવરમાં લગાવેલ જીયો કંપનીનું 5G BBU કાર્ડ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/– તેમજ નારોલ પુજા ફાર્મની પાછળ પુજા રેસીડેન્સી પાસે આવેલ ટાવર નંબર– GJ-AMBD-ENB-2393 ના ટાવરમાં લગાવેલ જીયો કંપનીનું 5G BBU કાર્ડ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.સી.રાણા ચલાવે છે.

વાડજ: ભવાનીશંકર બાબુલાલ સોની (ઉ.વ.૩૫)(રહે, શાયોના એપાર્ટમેન્ટ રામેશ્વર મંદિર પાસે નિર્ણયનગર) એ તા.૦૮/૧૧/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સપ્ટેમ્બર/૨૦૨૫ થી આજરોજ સુધીના સમયગાળા દરમ્યાન નિર્ણયનગર સેક્ટર-૪, નંબર-૩૩૮ "બી.એસ કુંદન આર્ટ" નામના કારખાનામાં કામ કરતો અને ત્યાંજ રહેતો આરોપી નરેન્દ્રસિંગ શેરસિંગ વૈધ (મુળ રહે. નાઇની ગલી, એમ.એચ.બી. રસ્તા, જોહરી બજાર, જયપુર રાજસ્થાન) એ ભવાનીશંકર સોનીના કારખાનામાં બે મહીના સુધી વિશ્વાસપુર્વક કામ કરી ભવાનીશંકરને વિશ્વાસમાં લેતા, ભવાનીશંકર સોનીએ તા.૦૬/૧૧/૨૦૨૫ ના રોજ રાતના ૮/૦૦ વાગે નરેન્દ્રસિંગ વૈધને સોનાનો નેકલેસ નંગ-૧, સોનાની કાનની બુટ્ટી નંગ-૨ તથા સોનાની લગડી નંગ-૧ સોનાના દાગીનાનુ જડતરનુ કામ કરવા સારૂ આપતા, તા.૦૮/૧૧/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગે આરોપી નરેન્દ્રસિંગ વૈધ એ ભવાનીશંકરના મેનેજરને "પોતાના સંબંધીને સ્ટેશનથી લઇને આવું છું" તેમ કહીને પેટીમાં મુકેલ સોનાના દાગીના આશરે કિમત રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- મત્તાના લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.આર.આલ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૫૮૩/૨૦૨૫**

ગુજરાત યુનિવર્સીટી: દિપકભાઈ રૂપાજી કટારા (ઉ.વ.૨૪)(રહે.ગ્લોઝમ કાજલ ફ્લેટ દાદા સાહેબના પગલા મંદિર સામે નવરંગપુરા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૧/૨૦૨૫ સવારના ૭/૪૫ વાગ્યા પહેલા કેરીટેલ-૨ કન્સ્ટ્રકશન સાઈટ દાદા સાહેબના પગલા મંદિરની સામે વિજય ચાર રસ્તા ખાતે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

અમરાઇવાડી: સંગીતા વા/ઓ હર્ષલકુમાર સોલંકી (ઉ.વ.૨૮)(રહે.રામપ્રસાદ દશરથલાલ ની ચાલી ગુલાબનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૧/૨૦૨૫ સાંજના ૫/૪૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક મકાનમાં પોતાની જાતે ઝેરી ગોળીઓ ખાઇ લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

વટવા જીઆઇડીસી: છબિસરા વા/ઓ પદ્યમસિંઘ હુલબહાદુર સોની (ઉ.વ.૪૫)(રહે.મુનશીપુરાની ચાલી, વટવા જીઆઇડીસી) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૫ સાંજના ૭/૩૦ થી તા.૦૮/૧૧/૨૫ ના કલાક ૮/૧૫ વાગ્યા દરમ્યાન ભાડાના મકાનમાં છતની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી રોશની રાજેશકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી